

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧



**સલામી સવારની..**

વર્ષો સુધી જે પટપટાવે પૂંછ બેસાડે પદ પર!
બેસ્વાદ, શોભાના ગાંઠીયા જ હોય છે પદ પર!
પદાધીશ પર હોય છે સત્તા પક્ષનો રિમોટ
ચાવી દીધેલાં રમકડાં જ પેસાડે પદ પર
(અધ્યક્ષને ગૃહમૂલત્વી રાખવા સૂચના આપી)



**હાઈકુ**

ભલ ભલાના,
કોલસા દલાલીમાં -
હાથ છે કાળા
(નિર્દોષ મનમોહન)

બાંધી જ રાખો!
સાંસદોને 'સીટ'માં
રિમોટ બેલ્ટે
(વારંવાર કૂવે ન પડે)

## ચિંતન

**આજ્ઞા માત્ર ફલં રાજ્યં બ્રહ્મચર્ય ફલં તપઃ ।**
**પરિજ્ઞાન ફલા વિદ્યા દત્તમુક્તં ફલં ધનમ્ ॥**

'રાજા (મુખ્યમંત્રી) ની આજ્ઞાનું સારી રીતે પાલન થાય એ જ રાજાની રાજસત્તાનું ઉત્તમ ફળ છે. જીવનમાં બ્રહ્મચર્ય અર્થાત ઇન્દ્રીય વિજય-સંયમનું સારી રીતે પાલન થઇ શકે એ જ તપનું ફળ છે, અનુભવપૂર્વકનું યથાર્થ ફળદાળી સફળ જ્ઞાન પ્રાપ્ત થાય એ જ વિદ્યાનું ફળ છે, અને સારી રીતે દાન પણ આપી શકાય અને તેનો યોગ્ય ઉપભોગ પણ કરી શકાય, એ ધન-સમૃધ્ધિ હોવાનું સ-ફળ છે.'

રાજા, (પ્રધાનમંત્રી) ઢીલા હોય અને માત્ર નામની સત્તા માટે 'ટેકાઓ' ને સહારે ટકી રહ્યા હોય ત્યારે સાથીદાર પક્ષના પ્રધાનો દેશને બોડા સરદારનું ખેતર સમજી ભેલાણ કર્યા કરે છે અને રાજા નબળો હોય ત્યારે કોઇને કંઇ જ કહી શકતો નથી. તપથી આત્મા અને ઇન્દ્રિયો પર કાબૂ આવે છે જાતે જ 'સંયમ' આવે છે. તપ દ્વારા સિધ્ધિઓ પ્રાપ્ત થઇ ગયા પછી 'બાપુઓ' તાંત્રિક થઇ જાય અને ભોગવિલાસમાં સરી પડે તો જ્ઞાન-વિદ્યા-તપનો કોઇ જ અર્થ રહેતો નથી.

માણસની પાસે ધન-સમૃધ્ધિ હોય અને સાથે 'સંસ્કાર' - 'સમજ' હોય તો પોતાની સમૃધ્ધિનો સદુપયોગ દાન-પુણ્યમાં કરે છે અને જાતે પણ સુખ-સુવિધા સાથે ભૌતિક આનંદ પણ પ્રાપ્ત કરે છે. આવું ધન-લક્ષ્મીનુ હોવું સફળ છે.

## સુવિચાર

- સંસારના પરિતાપથી હારી જાય ત્યારે તું કોઇ વૃધ્ધ પાસે જ જઇશ, બાળક પાસે જજે, તેનું નિર્વ્યાજ, નિખાલસ અને નિર્દોષ સ્મિત, તારું દુઃખોનું સાચું-સારું ઔષધ બનશે **- રવીન્દ્રનાથ ટાગોર**
- પ્રવૃત્તિઓનો સર્વોત્તમ વિકાસ એકાંતમાં જ થાય છે, પરંતુ ચારિત્ર્યનું સર્વોત્તમ નિર્માણ ઝંઝાવાતી સમાજમાં રહીને જ થઇ શકે **- ગેટે**
- જગત સફળ પરિવર્તનશીલ છે તેથી અંતિમ ક્ષણ સુધી જે વાસી-નિરસ ન બને તે જ જીવન-જીવંત છે **- વિમલા ઠાકર**
- શારીરિક શ્રમથી મનની ક્રિયાશક્તિ વધે છે **- ટોલ્સટોય**
- અન્યાય અને બૂરાઇનો વિરોધ કરો, પછી ભલે ને તેના પર કાયદાની મ્હોર લાગી હોય **- થોરો**
- પ્રેમ કોઇને પોતાનો તાબેદાર બનાવતો નથી કે કોઇને તાબેદાર થતો પણ નથી **- ખલિલ જિબ્રાન**
- કંજૂસનું ધન જમીનમાંથી ત્યારે જ બહાર નીકળે છે જયારે એ જાતે જમીનમાં દટાઇ જાય છે **- બારોલ**

## બોધ કથા

આજકાલ નેતાશ્રીઓ-રાજકર્તા 'કમાંડો'ની સુરક્ષા વિના પગલું ય ભરતા નથી, કોઇ પણ કૌભાંડ-જોખમ-સાહસ-યુધ્ધમાં પ્રથમ શહીદ સૌથી નાનો કર્મચારી જ થાય. સાહેબો 'સુરક્ષિત' સ્થાનેથી 'સંચાલન' કરતા હોય! મુશ્કેલી-આફતમાં પણ લાઇફ જેકેટ સાથે નાશી જવામાં પણ 'પ્રથમ' હોય...

'બર્કન હેડ' નામનું અંગ્રેજ નેવીનું જહાજ ૧૮૫૨ની સાલમાં કેપટાઉનથી એક સો કિલોમીટર દૂર ખડક સાથે અથડાઇ તૂટી ગયું. જહાજમાં પચાસ સૈનિકો, તેમનો પરિવાર-બાળકો સાથે ૨૨૫ની સંખ્યા હતી.

લાઇફ જેકેટ - નાના નાવડીઓમાં સ્ત્રી-બાળકો અને યોગ્ય પસંદગીના સૈનિકોને રવાના કરી દીધા, બાકી રહ્યા પચાસ સૈનિક અને વીસ નાવિક સાથે જહાજનો કેપ્ટન.

કેપ્ટને આદેશ આપ્યો, નાશભાગ કર્યા વિના મૃત્યુની રાહ જોઇ 'સાવધાન' ની મુદ્રામાં ઊભા રહો. મૃત્યુ નિશ્ચિંત હતું જ.

જહાજે જળસમાધિ લીધી ત્યાં સુધી કોઇ સૈનિક હલ્યા જ નહીં. આને કહેવાય 'શિસ્ત' આપણે તો મંદિરોમાં દર્શન માટે નાસભાગ કરીને કચડાઇ મરીએ છીએ!!

# ભૂતકાળની ભીની ભીની સ્મૃતિઓ આપણાં જીવનને હૂંફ, સુખ અને મજબૂતી પૂરી પાડે છે

## સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

વરસાદ થોડી ઝરમર વેરીને પાછો શાંત થઇ ગયો છે. અને સાંભળ્યું છે આ શહેરની નદીને થોડી ક્ષણો માટે પોતે જ નદી જ છે તેવું યાદ આવ્યું છે. ઢગલાની આશ રાખ્યા પછી અંજલિથી સંતોષ માનતી નદી જાણે સંભારી રહી છે. થનગનતી યુવાનીના દિવસો. જયારે ઘોડાપુરની મત્ત બની કાંઠાઓ તોડવાનો આનંદ લૂટ્યો હતો. નદીનું નામ એ બે જણાની આંખમાં પૂરને લઇ આવે છે. જેમણે કોઇ ચાંદની રાતે એક-મેકના થવાના કે ન થઇ શકવાના નિર્ણયને ગળે લગાવ્યો હતો. ચાંદ અને ચાંદની એ સંભારણા લઇ આવે છે જયારે દોસ્તો સાથે અગાશી પર બેસી દૂધ-પૌંઓની લિજ્જત સાથે ગઝલ શાયરીની લહેજત પણ વહેંચી હતી. યાદ આવે છે એ દિવસો જયારે દુષ્યન્તકુમારના શબ્દો રેડિયો પરથી વહી રહ્યાં હતા.

"એક જંગલ હૈ તેરી આંખો મેં, મેં જહાં રાહ ભૂલ જાતા હું!
તું કિસી રેલ સી ગુજરતી હૈ, મેં કિસી પુલ સા થરથરાતા હૂં"

- ને બાજુમાં પત્નીની ખાલી પડેલી ખુરશી સામે જોતાં આખી રાત વિતાવી હતી. ખાલીપણું કયારેક મ્હોરી ઉઠે છે અને આપણાં જીવનની મહેફીલમાંથી અચાનક ઉઠીને ચાલ્યા ગયેલાં દોસ્તો-સ્વજનો સાથે માણેલી મીઠી પળોની ભીંનાશ હૈયાને સ્પંદિત કરી દે છે. જીવનની દરેક મીઠાશમાં નાનપણમાં ખાધેલી કડવી-મીઠી લીંબોળીની મીઠાશને શોધીએ છીએ. નાની - દાદીની વાર્તાઓમાં આવતા 'માણસ ખાઉ રાક્ષસ' ની બીકથી રજાઇમાં માથું નાખી ઊંઘી જતું બાળપણ આજેય કોઇ વૃક્ષમાં ઊંધા લટકતાં વાનર બાળને જોઇને સાંભળી જાય છે. માના ઠપકાથી રીસાયેલું શૈશવ માની છબિ પર હાર બની ઝૂલી રહ્યું છે. હારના પ્રત્યેક તાણા-વાણામાં માનાં પ્રેમની મધુર સ્મૃતિઓની સુવાસ અકબંધ છે. થોક-બંધ યાદોના ટોળા વચ્ચે બેઠાં હોઇએ ત્યારે આપણી એકલતા ય નજીક આવતાં ડરે છે. સંભારણાઓ મને તો બહુ મોટો ખજાનો હોય એવાં લાગે છે. મન ભરીને વાગોળો, તેની સાથે હસો, રડો અને પાછા સાચવીને મનના દાબડામાં સંભાળથી મૂકી દો.

કોઇ કવિએ કહ્યું છે કે,

"હજારો યુગ વિતાવ્યાં મેં ફક્ત આ એક જીવનમાં
કોણ કહે છે જીવન હોય છે ફક્ત બે-ચાર ક્ષણ જેવું."

દરેક સંભારણું એક આકાશ બની ઉઘડે છે અને આપણા જીવનનો એ અમૂલ્ય ટુકડો એક આખા યુગ જેવો આપણા અસ્તિત્વ વચાળેથી પસાર થઇ જાય છે. એક ભાઇ ગુજરાતના સાવ નાનકડાં ગામડામાં મોટા થયા, પછી મુંબઇ આવ્યાં, ખૂબ કમાયા, મોટો બંગલો બંધાવ્યો, બંગલામાં મોટો બાથરૂમ બનાવ્યો, એમાં અત્યંત મોંઘી ટાઇલ્સ લગાવી, બે જણ સાથે સ્નાન કરી શકે એવો મોટો બાથટબ બનાવ્યો... આખો બાથટબ બની ગયા પછી આર્કિટેક્ટે ગૌરવભેર અમીરને આખો વૈભવી બાથરૂમ દેખાડ્યો ત્યારે પેલા અમીરે નિસાસો નાંખ્યો : 'બધું બરાબર... પણ ગામડામાં અમે સવારે દિશાએ જતાં ને નદીયુંમાં ધુબાકા મારતાં... ત્યારે નજર સામે મોરલાં કળા કરતાં ને વગડો નાચી ઉઠતો... ઇ વગડો ને ઇ મોરલા આ હા..હા..હા.. આંયા કયાંથી!' ભૂતકાળમાં ભોગવેલી મુશ્કેલીઓ પણ જયારે સંભારણા રૂપે આવે છે ત્યારે મીઠી લાગવા લાગે છે. ભૂતકાળને યાદ કરવામાં મજા આવતી હોય તો એ મજા લૂંટવામાં કશું ખોટું નથી. આપણો ભૂતકાળ એ આપણો માલ છે, આપણી સંપત્તિ છે, એને મનફાવે ત્યારે યાદ કરીને તેમાંથી મજા લૂંટવાનો આપણને સ્મૃતિ સિધ્ધ અધિકાર છે. સંભારણા એ ઉપયોગી ચીજ છે. ભૂતકાળની ભીંની ભીંની સ્મૃતિઓ આપણાં જીવનને હૂંફ, સુખ અને મજબૂતી પૂરાં પાડે છે. એટલું જ નહીં, જીવનમાં આપણે જયારે ચારે તરફથી ઘેરાઇ જઇએ, આપણી બરાબરની વાટ લાગે ત્યારે જો એમ વિચારીએ કે આ મુશ્કેલ તબક્કો વીતી ગયા બાદ ભવિષ્યમાં એ યાદ કરવામાં મજા પડશે કે 'ઓહ! ત્યારે કેવા હેરાન-પરેશાન થઇ ગયેલાં... કેવાં ધંધે લાગી ગયેલા...' તો આવું વિચારવાથી અગવડો, આફતો અને પરેશાનીઓને મુકાબલો કરવાની થોડી તાકાત મળે છે, કૃષ્ણ-સુદામાની જેમ -

'તમે સાંભરે રે, મને કેમ ન વિસરે રે...'

- ની રમઝટ કરવામાં જે જલસા પડે એ મોંઘેરા હોય છે. જૂના ફોટા વિડિયો, સ્મૃતિરૂપે સાચવી રાખેલી ચીજો... આ બધું કયારેક 'પટારા'માંથી કાઢીને જોતી વખતે કેવી મજા આવતી હોય એ વિશે કંઇ કહેવાની જરૂર ખરી?

સંભારણા આપણી અંતસ્થ ચેતનાઓને સતેજ કરે છે. ચશ્માને ઠેકાણે મૂકીને ભૂલી જતાં વૃધ્ધો 'વો ભૂલી દાસ્તાં' ને જયારે વાગોળે છે. ત્યારે ચોક્કસ - સમય - તારીખને સંદર્ભો સાથે ઘટનાઓને 'રીકોલ' કરે છે ને ત્યારે તેમના કરચલીયાળા ચહેરા પર જે આનંદની સુરખી છવાય છે તે અલભ્ય હોય છે. વીતી ગયેલી ઘટનાઓ અને પળો લોહીમાં એવા તો વણાઇ જાય છે કે ધારો તોય તેને તમારાથી દૂર ન હડસેલી શકો. મથુરાના મહેલમાં કૃષ્ણને સોનાની થાળીમાં દેવકીજી, જમવાનું પિરસે છે, અને ઘણાં જ પ્રેમથી ચાંદીની વાકડીમાં માખણ આપે છે. કૃષ્ણજી માખણની વાટકી સામે જુએ છે તેમની આંખમાંથી આંસુ ટપકી પડે છે અને માખણની વાડકી જેમની તેમ માતાને પાછી આપે છે અને કહે છે, "હવે મને માખણ પિરસવું નહિં, મા! આ માખણમાં માટીની સુગંધ નથી, જશોદા માનો ઠપકો નથી આમાં ગોપીઓની રીસ અને વૃંદાવનનું સંગીત ખૂટે છે!" હૃદયને વલોવી નાંખતાં સંભારણાઓ દુઃખનું વિરેચન કરે છે. અને હૃદયને હળવું કરી નાંખે છે.

શ્રી વજુ કોટકના પુસ્તક 'પ્રભાતના પુષ્પો'માંથી ચાંદની આ સુંદર પંક્તિઓ વાંચી હતી -

'હું કવિ નથી છતાં પણ એક દિવસ આપને ખૂબ યાદ કરતાં કરતાં મારાથી બે કાવ્યો લખાઇ ગયાં. મેં કોઇને વંચાવ્યાં નહિ, કારણ કે મિત્રો કદાચ મારી મશ્કરી કરે એવો મને ભય હતો. એક દિવસ આપણે જે જગ્યાંએ, જે ઝાડ નીચે બાગમાં પ્રથમ મળ્યાં હતાં ત્યાં બેસીને હું એ કાવ્યો લલકારતો હતો. અચાનક ખૂબ જોરથી પવન ફૂંકાયો અને મારા હાથમાંથી કાગળ ઉડી ગયો. એમાં જ એ કાવ્યો હતા. ખૂબ તપાસ કરી પણ પત્તો ન લાગ્યો.'

બીજે દિવસે ફરીથી એ જ જગ્યાએ હું બેઠો. આસપાસ પથરાયેલી લીલીછમ્મ કુદરતને મેં પૂછ્યું : "મારા કાવ્યો તેં તો છુપાવ્યાં નથી ને?

કુદરતે જવાબ આપ્યો : "અરે, એ બંને કાવ્યોમાંથી તો ઉષા અને સંધ્યાનો જન્મ થયો છે." મારે આપને એટલું જ કહેવાનું છે કે ઉષાને અને સંધ્યાને નીરખતાં આપ માની લેજો કે આપને માટે સર્જેલા એ બે મહાકાવ્યો છે."

બીજું બધું જવા દઇએ, ફક્ત એટલું વિચારીએ કે આમ પણ જીવનમાં સંઘર્ષો અને ઉપાધિઓ ઓછાં નથી હોતાં, તો પછી સાવ મફતમાં માણી શકાતું સંભારણાનું સુખ શા માટે ન ભોગવવું? આ બધી વાતો ફિક્કી લાગતી હોય તો એક કામ કરોને ભલા માણસ? બાળપણના કોઇ મિત્રને ફોન કરો, એને મળો અને ફરી નિરાંતે સંભારણાં તાજા કરો, પછી જુઓ તમે કેટલાં ફ્રેશ થઇ જાઓ છો!

**- તારી સ્વાતિ**

# બેનીપ્રસાદ મોંઘવારીથી ખુશ છે ! મતલબ કે સોંઘવારીથી નારાજ છે ! પરંતુ અહીં સોંઘવારીની વાત તો દૂર રહી, મફતમાં મનોરંજનની વાત છે ! હાય રામ ! બેનીપ્રસાદનું શું થશે ?!

## હળવાશની ક્ષણોમાં !

**મોગમ્બો સ્ટાઈલમાં-બેની પ્રસાદ ખુશ હુઆ!**

- ચિત્રસેન શાહ

૨૦મી ઓગસ્ટે કેન્દ્રિય મંત્રી શ્રી બેનીપ્રસાદે એક 'હાર્ટ બ્રેકિંગ ન્યૂઝ!' જેવા સ્ટેટમેન્ટ દ્વારા દેશ આખામાં ધરતીકંપ સર્જી દીધો! તેણે કહ્યું, 'મોંઘવારી વધે એ તો ખુશ થવા જેવી વાત છે!' અને મોંઘવારીને કારણે બેનીપ્રસાદ મોગેમ્બો સ્ટાઇલમાં ખુશ હુઆ!

તે સમયે અમારે ત્યાં ગેસ્ટ આવેલા. તેમનો પાંચેક વર્ષનો રડતો બાબો આ સમાચાર ટી.વી. પર જોઇને હસી પડેલો!

આજની મોંઘવારીની વાત પરથી તેને આનુસંગિક એક વાત યાદ આવે છે. હાસ્ય એ મારો પ્રથમ પ્રેમ છે તો પ્રવાસ એ મારો દ્વિતીય પ્રેમ છે! (ત્યારબાદ બીજા બધા પ્રેમ આવે!)

જૂનું એક મેગેઝીન શોધવામાં એ દ્વિતીય પ્રેમના અનુસંધાનમાં અમે વર્ષો પહેલા કાશ્મીરના પ્રવાસે ગયેલા ત્યારના હોટેલ વિગેરેના કેટલાક બીક અમારા હાથમાં આવ્યાં! આજથી ૩૦ વર્ષ પહેલાંના બીલો હાથમાં આવે ત્યારે ખજાનો હાથ લાગવા જેટલો આનંદ થાય!

આ રહી તેની ફોટો કોપી!

(મોંઘવારીને બદલે સોંઘવારી જોઇને શ્રી બેનીપ્રસાદને કદાચ કમકમા આવી જાય!)

આજથી સીત્તેર વર્ષ પછીની પેઢી તે જોઇને કદાચ રોમાંચિત પણ થઇ જાય! Old is Gold એ હિસાબે!

જેમ ટાઇટેનિકના કેસમાં આજે બન્યું છે તે જ રીતે!

આજથી ૧૦૦ વર્ષ પહેલાં તેની પ્રથમ અને આખરી સફરમાં ડૂબેલી ટાઇટેનિકની કેટલીક સામગ્રી બચાવી લેવાઇ હતી અથવા પાછળથી શોધી કઢાઇ હતી. તેમાં તેના ભવ્ય રેસ્ટોરન્ટનું Menu Card પણ હતું! તે મેનુ કાર્ડ જ ઓકશનમાં હજારો ડોલરમાં વેંચાયું!

(બાકી મેનુકાર્ડમાં દર્શાવેલી આઇટમો તો આજના હિસાબે પાણીના ભાવે હતી!)

બેનીપ્રસાદનું ચોંકાવનારું સ્ટેટમેન્ટ એ - ઉત્તરપૂર્વ ભારતના અલગ-અલગ રાજયોમાં રહેતા પાંચેક લાખ લોકોના સ્થળાંતરનો પ્રશ્ન તેમજ મોંઘવારી, નાણાકીય કૌભાંડો, લાંચરૂશ્વતની બદી વિગેરે જેવા અનેકવિધ પ્રશ્નોથી ઘેરાયેલી કેન્દ્ર સરકાર દ્વારા લોકોનું ધ્યાન ડાયવર્ટ કરવા માટેનો એક સ્ટંટ પણ હોઇ શકે!

એક રીપોર્ટ પ્રમાણે આસામની હિંસા એ ઘણાં વર્ષોથી બાંગ્લાદેશીઓની આસામમાં મોટા પાયે થઇ રહેલી ઘૂસણખોરીને પ્રતાપે છે. પછી કયારેક તો ચિનગારીમાંથી વિસ્ફોટ સર્જાય જ ને!

પરંતુ ત્યારબાદ અલગ અલગ રાજયોમાં રહેતા હિન્દુસ્તાનના લોકોની જ હિજરત એ સુનિયોજિત ફેલાવાયેલ અફવાને કારણે જ થઇ!

અને એ અફવા ફેલાવવામાં પાકિસ્તાનનો હાથ હતો તેવી ફરિયાદ ભારતે પાકિસ્તાને તેને રદિયો આપ્યો અને પુરાવા માંગ્યા!

હવે આપણા દિલ્હીમાં બેઠેલા મૂર્ખાઓ પુરાવા ભેગા કરવા રાત-દિવસ એક કરી લાખો રૂપિયાના ધુમાડા કરશે! મહિનાઓ પછી મોકલવામાં આવશે પુરાવા પાકિસ્તાનને મોકલવામાં આવશે ત્યારે પાકિસ્તાનનો જવાબ હશે -

'આ પુરાવા પુરતા નથી!'

(આ જવાબ અત્યારથી જ તૈયાર થઇને પડ્યો હશે - તારીખ નાખવાની જ બાકી હશે!)

પાકિસ્તાનની ઇંટનો જવાબ પુરાવાથી ન અપાય પણ ઇંટનો જવાબ હંમેશા પત્થરથી જ અપાય એવી સાદી સમજ પણ આપણા દિલ્હીના રાજકર્તાઓમાં પાંસઠ વર્ષ પછી પણ નથી આવતી!

(ભલેને પછી ત્યાં કોઇ પણ પક્ષની સરકાર હોય) એ આપણી કમનસીબી છે. આવા લોહી ઉકાળા જેવા વાતાવરણમાં - પણ આવી રહેલા ઇલેકશનને કારણે લોકોને મફતમાં મનોરંજન મળી રહે છે!

એ રણમાં મીઠી વીરડી સમાન છે અને અપૂરતા વરસાદમાં રાહતરૂપ છે!

- મોંઘા ભાવના ગેસની થપ્પડવાળી એડ. જોઇને તો ખરેખર જ મફતમાં મનોરંજન મળે છે! એક પક્ષ દ્વારા તેના જવાબ રૂપે બીજા ગાલ પર થપ્પડ! હવે આ બે થપ્પડોમાંથી કઇ થપ્પડ ગાલ પર ઓછી ચચરે તે નક્કી કરવાનું કામ જનતાનું!
- બે હરીફ પક્ષોની મહિલાઓ આમને સામને રહેતી હતી! એકને પોતાનું ઘર હતું અને બીજી ભાડાના ઘરમાં રહેતી હતી! ભાડાના ઘરમાં રહેનાર મહિલા 'ઘરનું કામ' મૂકીને 'ઘરનું ઘર' લેવા ફોર્મ લેવા ગઇ અને ફોર્મ લઇ આવીને ગાતી હતી -

"તેરે ઘર કે સામને એક ઘર બનાઉંગી!"

આ સાંભળી ત્રીજા મોરચાની એક મહિલા પણ બોલી ઊઠી -

'હું પણ મારું ઘર બનાવીશ!'

ત્યારે પેલી બે મહિલાઓ બોલી ઊઠી -

'લવ ટ્રાય એંગલ હોય
ઘર ટ્રાય એંગલ ન હોય!'

આને કહેવાય મફતમાં મનોરંજન!

(બેનીપ્રસાદ મોંઘવારીથી ખુશ છે! મતલબ કે સોંઘવારીથી નારાજ છે! પરંતુ અહીં સોંઘવારીની વાત તો દૂર રહી પણ મફતમાં મનોરંજનની વાત છે! હાય રામ! બેનીપ્રસાદનું શું થશે?!)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૨૩મી ઓગષ્ટ

- બુધ્ધિવર્ધક હિન્દુ સભાના પ્રમુખ - ધર્મ સહિષ્ણુતા - એકેશ્વરવાદના હિમાયતી, શિક્ષણ શાસ્ત્રી રણછોડદાસ ગિરધરભાઇ ઝવેરની પુણ્યતિથિ ૨૮-૦૮-૧૮૭૩.
- ૧૪૯૨ - ક્રિસ્ટોફર કોલંબસે અમેરિકા ખંડમાં પ્રવેશ કર્યો.
- ૧૯૪૭ - સરદાર પટેલે ભારતના પ્રથમ ઉપ વડાપ્રધાન તરીકેનો હોદ્દો સંભાળ્યો.
- ૧૮૪૫ - ગણિતશાસ્ત્રી - તત્ત્વજ્ઞાનના લેખક શ્રી લાભશંકર ઉમિયાશંકરનો નારદીપુર ગામમાં જન્મ થયો.
- ૧૬૯૦માં હાલનું કલકત્તા જયાં વિકસ્યું છે તે જગ્યામાં અંગ્રેજો માટે વસાહત બાંધવા જોબ ચાનોર્ક ભારતની મુલાકાત લીધી.

# લોહીના કેન્સરને અંગ્રેજીમાં 'લ્યુકેમીયા' કહે છે, બીજા કેન્સર કરતાં લોહીનું કેન્સર વધુ ઘાતક છે

## લોહીનું કેન્સર
## નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય

કેન્સર... નામ પડે ત્યારે જ ફાળ પડે... ઘણાં લોકો તો કેન્સરને 'કેન્સલ' જ માને છે. પૃથ્વી પરના જીવલેણ રોગોમાંનો સૌથી વધુ કુખ્યાત રોગ એટલે કેન્સર. સામાન્યતઃ આ રોગ શરીરના કોષ વિભાજનમાં ખામીથી થાય છે. એટલે સાદી ભાષામાં કહી શકાય કે શરીર જ શરીરનો નાશ કરવાનું કારણ બને છે.

શરીરમાં વિવિધ પ્રકારના કેન્સર થાય છે. એક રીતે જોઇએ તો જેટલાં અંગો છે. તેટલા કેન્સર થઇ શકે. હાલ લોહીના કેન્સરનો પ્રભાવ પણ વધતો જાય છે. લોહીના કેન્સરને અંગ્રેજીમાં 'લ્યુકેમીયા' કહે છે. બીજા કેન્સર કરતાં લોહીનું કેન્સર વધુ ઘાતક છે. આ રોગમાં શરૂઆતમાં લાંબા સમયથી તાવ આવે, થાક લાગે, બેચેની રહે, શરીર શિથિલ થઇ જાય, પાચન ન થાય, વજન ઘટતું જાય, કોઇ વ્યક્તિને લીવર પર સોજો આવે, કોઇને ગળાની, બગલની કે સાથળના મૂળમાં રહેલ ગ્રંથીઓ ફૂલી જાય, દાંતના પેઢામાંથી, નાક-કાન કે મળમૂત્ર વાટે લોહી પડે, ચામડી નીચે લાલ-લીલા ચાંઠાઓ દેખાય આદિ લક્ષણો જોવા મળે છે. રોગ ઘાતક છે આથી આ રોગોનો ભય વધુ છે. હજુ સુધી આ રોગનો ખાતરીબંધ ઇલાજ શોધાયો નથી. વળી, બાહ્ય લક્ષણોથી આ રોગ પરખાતો નથી. આથી જે તે લક્ષણોને જ રોગ માની લઇ તેનો ઇલાજ કરવામાં આવે છે. લક્ષણોમાં રાહત મળે છે. પરંતુ રોગ વધતો જાય છે. આ રોગની સાચી પરિક્ષા લોહીની પરિક્ષાથી થાય છે. આ રોગમાં લોહીમાંના સફેદ કોષો (લ્યુકોસાઇટ્સ) અનહદ વધે છે. આ સફેદ કોષોના પણ અનેક પ્રકારો છે. આમાંથી અમુક પ્રકારના કોષોને જ આ રોગ થાય છે.

રોગગ્રસ્ત કોષોમાં એ કોષોની સંખ્યા વધતી જાય છે. ત્રીસ હજારની પાંચ લાખ સુધીની સંખ્યા થઇ જાય છે. પહેલી નજરે બધા જ કોષોની સંખ્યા વધેલી લાગે પણ ખરી દૃષ્ટિએ તો જે કોષોની સંખ્યા વધેલી લાગે પણ ખરી દૃષ્ટિએ તો જે કોષોને રોગ થયો છે તે કોષો જ સંખ્યામાં વધે છે. કોષોના તુલનાત્મક પરિક્ષણથી આનો ખ્યાલ આવે છે. સંખ્યા વધવાની સાથે સાથે કોષોના સ્વરૂપમાં પણ ફેરફાર થાય છે. વૃધ્ધિ પામેલ વિકૃત કોષોમાં રહેલ રંગસૂત્રોની સંખ્યા પણ વિષય થઇ જાય છે. કદ અને આકાર પણ બદલાઇ જાય છે. આમ આ બધી બાબતો સિધ્ધ કરે છે કે કોષ વિકૃતિ બહુ ઊંડી છે, છેક મૂળથી શરૂ થઇ છે.

લોહીના બધા જ કોષોનું ઉત્પત્તિ સ્થાન અસ્થિઓ (હાડકાંઓ) ની અંદર રહેલ 'બોનમેરો' કે અસ્થિમજ્જા છે. લોહીના કેન્સરની વધુ ખાતરી કરવા માટે તેનો નમૂનો લઇ પરિક્ષણ કરવામાં આવે છે. બોનમેરોની લાલ મજ્જામાં વિકૃતિ જોવા મળે છે. આ લાલ મજ્જા અર્ધા, અપૂર્ણ કોષોને પણ રક્ત પ્રવાહમાં ધકેલતો જોવા મળે છે.

લોહીના કેન્સરના ઉગ્ર તથા જીર્ણ એવા બે ભાગ પાડી શકાય. ઉગ્ર લ્યુકેમીયામાં લોહીમાંના વિકૃત કોષોની સંખ્યા એટલી બધી વધી જાય છે કે તે પાંચ લાખ સુધી પહોંચી જાય છે. વળી, લોહીને જમાવનારા કોષો (થ્રોમ્બોસાઇટ) નો આમાં નાશ થઇ જાય છે, આથી લોહી પાતળું પડીને શરીરના કોઇ પણ ભાગમાંથી બહાર આવી જાય છે. ચામડીના નીચે પણ ચકામા જોવા મળે છે. લીવર ખૂબ સુજી જાય છે અને શરીર ખૂબ પાતળું પડી જાય છે. આ સદ્યઃઘાતક છે.

જીર્ણ લ્યુકેમીયામાં ઉગ્ર લક્ષણો જોવા મળતા નથી, પરંતુ થોડો થોડો તાવ આવ્યા કરે, નબળાઇ લાગે, ઇમ્યુનીટી ઓછી થઇ જાય, શરીરમાં કળતર તેમજ અંગોની પીડા વધે અહિં રોગીની ઇમ્યુનીટી ઓછી થતી જાય છે. આવી બીજા નાના રોગો પણ મોટું સ્વરૂપ ધારણ કરે છે.

જો લ્યુકેમીયાને આયુર્વેદનાં ગ્રંથોમાં તપાસીએ તો પ્રાયઃ 'અતિકાર્શ્ય' નામના રોગ સાથે તેને સાંકળી શકાય. અતિકાર્શ્ય. રોગના લક્ષણો લ્યુકેમીયા પ્રકારના જ છે. આરોગમાં કારણ સ્વરૂપે 'ઓજ ક્ષય' નું વર્ણન છે. અને આ ઓજ ક્ષય થવાનું કારણ આજની દુનિયામાં જોઇએ તો, રસાયણો - જંતુનાશકો યુક્ત ખાન-પાન, વ્યસનો, પ્રદૂષણ, માનસિક સંતાપ આદિ અનેક કારણો ગણી શકાય.

આ રોગની ચિકિત્સા માટે હજુ દૃઢપણે કોઇ ઉકેલ મળ્યો નથી. પરંતુ આયુર્વેદમાં જણાવ્યું છે કે જે માણસનું ચિત્ત પ્રસન્ન છે તે માણસને ઔષધ પણ અમૃતતૂલ્ય બને છે. અમુક સુવર્ણ ભસ્મોયુક્ત ઔષધો તેમજ વ્યક્તિની પ્રકૃતિને જાણીને ઇલાજ શરૂ કરી શકાય.